અગત્યનું

SSC & HSC પરીક્ષા બાબત

પત્રક્રમાંક:-મઉમશબ/પરીક્ષા/2023/સ્પે/૯૧૭
ગુ.મા અને ઉ.મા શિક્ષણ બોર્ડ,
માધ્યમિક વિભાગ,
સેક્ટર-10/બી, સચિવાલય પાસે,
ગાંધીનગર.
તા.14/02/2023

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
અમરેલી
આવક ક્રમાંક: 926
શાખાનું નામ: પરીક્ષા
તારીખ: 15-02-23
સહી:

પ્રતિ,
પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત
કલેક્ટરશ્રી અને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી તમામ,
પોલીસ અધિક્ષકશ્રી તમામ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી તમામ.

વિષય:-ધો:-10 અને ધો:-12ની પરીક્ષા સંદર્ભે ધી ગુજરાત સેકન્ડરી એજયુકેશન એક્ટ 1972માં કરવામાં આવેલ જોગવાઇઓ તથા ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો 1974માં કરવામાં આવેલ જોગવાઇઓ બાબત

ઉપરોક્ત વિષય પરત્વે સવિનય જણાવવાનું કે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગુજરાત માધ્યમિક અધિનિયમ 1972ની જોગવાઇઓ હેઠળ ધો-10 અને 12ની જાહેર પરીક્ષાઓનું સંચાલન કરે છે વર્ષ-2023માં તા:-14 માર્ચથી ઉક્ત પરીક્ષાઓ શરૂ થનાર છે અને 29 માર્ચ સુધી પરીક્ષાઓ ચાલુ રહેનાર છે. આ બાબતે અગત્યની સૂચનાઓ આગામી વીડીયો કોન્ફરન્સમાં આપવામાં આવનાર છે. પરીક્ષાઓમાં ગેરરીતિ ન થાય અને પરીક્ષાના પેપરો અને આનુષાંગિક સાહિત્યની ગોપનીયતા જળવાય તે માટે ગુજરાત માધ્યમિક શિક્ષણ એક્ટ- 1972ની કલમ 43માં નીચે મુજબની જોગવાઇ કરવામાં આવેલ છે જે આપના ધ્યાને મુકવામાં આવે છે.

"(43)(1) All particulars Contained in a question paper, answer-book mark sheet or any other prescribed document relating to the examinations conducted by the Board shall be treated as confidential for such period as may be prescribed in relation to any particulars contained in any such documents.

(2) If during the period prescribed in relation to any particulars under sub-section (1),any person having in his possession any document containing such particulars or information about any such particulars ----

(a) willfully communicates any such particulars to any person other than a person to whom he is authorized to communicate; or

(b) uses such particulars in a manner prejudicial to the secrecy thereof; or

(c) retains such document in his possession or control when he has no right to retain it or where it is contrary to his duty to retain it or willfully fails to comply with any direction issued by a lawful authority with regard to the return or disposal of such documents; or

(d) Fails or neglects to take reasonable care of, or so conducts himself as to endanger the secrecy of such document shall be guilty of an offence under this section.

(3) If during the period prescribed in relation to any particulars under sub- section(1)any person voluntarily receives any information about any such particulars, knowing or having reasonable ground to believe, at the time when he receives it that such information is communicated in contravention of this Act, he shall be guilty of an offence under this section.

(4) A person guilty of an offence under this section shall on conviction be punishable with imprisonment for a term which shall not be less than three years but which may extend to five year or with fine which may extend to rupees two lakhs. (As amended in OCT 2018)

Scanned with CamScanner

ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો 1974માં વિનિયમ 27(4) (ક), 27(6) (ક) અને 27(9)માં નીચે મુજબની જોગવાઇઓ કરવામાં આવેલ છે જે અંગે આપનું ધ્યાન દોરવામાં આવે છે.

- વિનિયમ 27(4) (ક) રજીસ્ટર થયેલી કોઇ પણ માધ્યમિક શાળાનો કોઇ પણ કર્મચારી બોર્ડ દ્વારા લેવાતી જાહેર પરીક્ષામાં ગેરરીતિ આચરતાં કે આચરવામાં મદદ કરતાં બોર્ડ દ્વારા દોષિત ઠર્યેથી બરતરફ સુધીની શિક્ષા થવાને પાત્ર ઠરશે.
- વિનિયમ 27 (6) (ક) "કોઇ કર્મચારી બોર્ડ દ્વારા લેવાતી જાહેર પરીક્ષા સંબંધમાં તેને સોંપવામાં આવે તેવી કોઇ કામગીરી સ્વીકારવાની ના પાડી શકશે નહિ. આમ છતાં, બોર્ડ કર્મચારીને વાજબી કારણોસર ખાસ સંજોગોમાં મુક્તિ આપી શકશે."
- વિનિયમ 27 (9) રજીસ્ટર્ડ ખાનગી માધ્યમિક શાળાના શૈક્ષણિક તેમજ બિન- શૈક્ષણિક સ્ટાફની કામગીરીઓ અને રચનાઓ પરત્વે વિનિયમો હેઠળ અન્યત્ર કરાયેલ જોગવાઇઓ ઉપરાંત સંચાલક મંડળ, આચાર્ય, સુપરવાઇઝર, શિક્ષકો તેમજ બિન- શૈક્ષણિક સ્ટાફના વર્ગ-૩માં અને વર્ગ-૪માં આવરી લેવાતા તમામ કર્મચારીઓની ફરજો તથા સેવા (વર્તન)ની શરતો આ વિનિયમ હેઠળના પરિશિષ્ટ- ૨માં નિહિત કરી દર્શાવેલી જોગવાઇઓ અનુસારની રહેશે."
- પરિશિષ્ટ - 2 માં આચાર્યની ફરજો પરીક્ષા નીચે મુજબ દર્શાવેલ છે.

" (૧૦) માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા અથવા ઉ.મા. શાળા પ્રમાણપત્ર પરીક્ષાઓનું ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ કે ઉ.મા. શિક્ષણ બોર્ડ કે સરકાર દ્વારા પરીક્ષક, સમીક્ષક, મુખ્ય સમીક્ષક પાશ્નિકો, નિરીક્ષક, સંવાહક, સહસંચાલક કે એવી બીજી પરીક્ષાને લગતી કોઇપણ કામગીરી સોંપવામાં આવે તે વિશ્વસનીય રીતે ગુપ્તતા જાળવીને નિષ્ઠા અને પ્રામાણિકતાપૂર્વક કાર્યદક્ષતાથી જવાબદારીપૂર્વક પાર પાડશે.

(૧૧) બોર્ડ/ખાતાની સૂચના મુજબ શાળા સંકુલનો યોગ્ય ઉપયોગ કરશે / કરાવશે અને ખાતા/ બોર્ડની ખાસ જરૂરીયાત અને શાળાની સામાન્ય જરૂરીયાત મુજબની જુદી જુદી પરીક્ષાઓના સમયસર સંચાલન માટે પોતાની બધી મદદ પુરી પાડશે."

આ ઉપરાંત પરીક્ષાલક્ષી ગેરરીતિમાં કેટલાક એવા ગુનાઓ પણ બને છે જે અંગે ભારતીય દંડ સંહિતા મુજબ પગલાં લઇ શકાય છે.

પરીક્ષાની ગેરરીતિના સંદર્ભમાં ઈન્ડીયન પીનલ કોડ (IPC) ની કલમો 36, 114, 120 (B), 201, 379, 409, 419, 420, 186 હેઠળ ગુનાઓ નોંધી શકાય છે, જે નીચે દર્શાવેલ છે.

| કલમ | વિગત |
|---|---|
| 36 | Effect caused partly by act and partly by omission. |
| 114 | Abettor present when offence is committed. |
| 120(B) | Punishment of criminal conspiracy, 120B. Punishment of criminal conspiracy - |
| 201 | Causing disappearance of evidence of offence, or giving false information to screen offender. |
| 379 | Theft |
| 409 | Criminal breach of trust by public servant, or by banker, merchant or agent. |
| IPC 419 | Impersonation |
| IPC 420 | Cheating |
| IPC 186 | Obstructing Public Servant from doing his Duty |

Scanned with CamScanner

પરીક્ષા સ્થળની 100 મીટરની ત્રિજ્યામાં CrPC કલમ 144માં પ્રતિબંધાત્મક આદેશો અમલમાં હોય ત્યારે ગેરકાયદેસર ટોળું એકઠું થવું, પરીક્ષા સ્થળની નજીક ઝેરોક્ષ મશીનો ચાલુ રાખવા તથા પરીક્ષાખંડમાં મોબાઇલ ફોન / ઇલેક્ટ્રોનિક્સ ગેજેટ્સ વિગેરે લઇ જવા જેવી બાબતો અંગે સી.આર.પી.સી હેઠળ કાયદા મુજબ પગલાં લઇ શકાય છે.

I.T. ACTની જોગવાઇઓ જરૂર જણાયે લાગુ કરી શકાય છે.

મોબાઇલ ફોનનો થોડો પણ દુરૂપયોગ પેપર લીક જેવી ઘટનાઓને અંજામ આપી શકે છે અને તેનાથી સમગ્ર વ્યવસ્થા તંત્રને ભરપાઇ ન થઇ શકે તેવું ગંભીર નુકશાન થવા પામે છે.

આથી પરીક્ષા ખંડમાં મોબાઇલ ફોન અને કોઇપણ પ્રકારનું ઇલેક્ટ્રોનિક્સ ગેઝેટ લઇ જનાર વિરૂધ્ધ તુરંત જ કાયદેસરની ફરિયાદ દાખલ થાય અને મુદ્દામાલ તરીકે મોબાઇલ ફોન પોલીસ દ્વારા જપ્ત થાય તેવી કાર્યવાહી કરવા તથા વિના વિલંબે સંબંધિત વ્યક્તિ / વ્યક્તિઓ સામે FIR નોંધાઇ જાય તે જોવા વિનંતિ છે.

ઉપરોક્ત બાબતો આપના નિયંત્રણ હેઠળના તમામ અધિકારીઓના ધ્યાને લાવવા વિનંતિ છે.

(એ.જે.શાહ)
અધ્યક્ષ
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર
માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

નકલ રવાના:-

1. નિયામકશ્રી (પરીક્ષા), ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
2. પરીક્ષા સચિવ, SSC/HSC, ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

પરિપત્ર નં.....૩૦૪

ક્રમાંક/પરચ/તકેદારી/૨૦૨૨-૨૩
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, અમરેલી
તા. 15/02/2023

ઉપરોક્ત પત્રના વિષય અન્વયે જાણ તથા અમલ કરવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી જિ. અમરેલી

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચતર માધ્ય. શાળાઓ તમામ
જિ. અમરેલી

Scanned with CamScanner